ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી,
મહેકમ શાખા, બ્લોક નં. ૧૨/૨, બીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર-૩૮૨૦૧૦.

સત્યમેવ જયતે

By e-Mail

પત્ર ક્રમાંક: ઉશિક/મકમ-૨/કા.આ./૨૦૨૬/1832
તા.29.૦૪.૨૦૨૬

વંચાણે લીધા:

૧. શિક્ષણ વિભાગ, ગુજરાત સરકારનો તા.૧૬/03/૨૦૨૪ અને તા.૩૧/૦૧/૨૦૨૫ ના રોજના ઠરાવ ક્રમાંક નં.પરચ-૨૦૨૪-૧૦૩-ખ-૧.

૨. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીની તા.૧૫/૧૦/૨૦૨૫ની ફાઈલ નોંધ ક્રમાંક: KCG/GEN/e-file/269/2025/0451/GCAS.

૩. ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીનો તા.૧૭/૧૦/૨૦૨૫નો પ્રમાણપત્ર ક્રમાંક: જીકેસ/વહટ/૨૦૨૫-૨૬

::કચેરી આદેશ ::

ઉક્ત વંચાણે લીધા ૧ આમુખથી શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્યના ઉચ્ચ શિક્ષણ કમિશનરની કચેરીના તાબા હેઠળની ૧૫ સરકારી યુનિવર્સિટી સંલગ્ન શૈક્ષણિક સંસ્થા/ કોલેજમાં વિવિધ વિદ્યાશાખાઓમાં સ્નાતક અને અનુસ્નાતક કક્ષાના અભ્યાસક્રમોમાં એક જ ઓનલાઈન અરજીથી વિદ્યાર્થીઓ પ્રવેશની કાર્યવાહી કરી શકે તે માટે વિદ્યાર્થીલક્ષી ગુજરાત કોમન એડમિશન સર્વિસીસ પોર્ટલ (GCAS)ની રચના કરવામાં આવેલ છે. તથા GCAS પોર્ટલના સુચારુરૂપે સંચાલન માટે કેસીજી કચેરી, અમદાવાદ ખાતે ગુજરાત કોમન એડમિશન સર્વિસિસ સેલ કાર્યરત કરવામાં આવેલ છે.

ઉક્ત વંચાણે લીધા ૨ અને ૩થી નીચે કોષ્ટક-૧ના ક્રમ-૧, ૩ અને ૪માં દર્શાવેલ આચાર્યશ્રી અને પ્રાધ્યાપકશ્રીઓને સદર કામગીરીમાંથી મુક્ત કરવામાં આવેલ હતા. આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ અન્વયે GCAS પોર્ટલ મારફત સરળતાથી પ્રવેશપ્રક્રિયા થઈ શકે તે માટે GCAS સેલ અને GCAS પોર્ટલના સુચારુ સંચાલન માટે અદ્યતન કરવાની વિવિધ કામગીરી, GCASને લગતી વહીવટી કામગીરી, GCAS પોર્ટલની ટેકનિકલ કામગીરી, GCAS હેલ્પસેન્ટરની કામગીરી, GCAS પોર્ટલના પ્રચાર-પ્રસારની કામગીરી તથા યુનિવર્સિટી-કોલેજો તથા ટેકનિકલ સર્વિસ પ્રોવાઈડર (GIPL) સાથે સંકલન વગેરે જેવી વિવિધ કામગીરીઓ તથા પોર્ટલ પર નવી ખાનગી યુનિવર્સિટીઓનો સમાવેશ થતા વધેલા કાર્યભાર અને ટેકનિકલ જટિલતાઓને માટે નીચે કોષ્ટક-૧માં દર્શાવ્યા મુજબના આચાર્યશ્રીઓને તેમની હાલની કામગીરી ઉપરાંત વધારાની કામગીરી તથા પ્રાધ્યાપકશ્રીઓને પૂર્ણ સમય માટે કામગીરી સોંપવા તથા GCAS સેલ ખાતે હાજર રહી કામગીરી કરવા આથી આદેશ કરવામાં આવે છે.

કોષ્ટક-૧

| ક્રમ | આચાર્યશ્રી/પ્રાધ્યાપકશ્રીનું નામ અને હોદ્દો | કોલેજનું નામ | GCAS સેલ ખાતે હોદ્દો/જવાબદારી |
|---|---|---|---|
| ૧ | ડૉ. હસમુખ પટેલ, આચાર્યશ્રી | સરકારી વિનયન કોલેજ, બાયડ | મેમ્બર સેક્રેટરી, GCAS સેલ |
| ૨ | ડૉ. મિનલ રાવલ, આચાર્યશ્રી | સરકારી લો કોલેજ, અમદાવાદ | GCAS સેલની હાલની મેમ્બર સેક્રેટરીની વધારાની જવાબદારી માંથી મુક્ત કરીને હેડ, મીડિયા ટીમ, GCAS સેલ તરીકેની તેમની મૂળ જવાબદારીની કામગીરી કરવાની રહેશે. |

| ક્રમ | આચાર્યશ્રી/પ્રાધ્યાપકશ્રીનું નામ અને હોદ્દો | કોલેજનું નામ | GCAS સેલ ખાતે હોદ્દો/જવાબદારી |
|---|---|---|---|
| ૩ | ડૉ. જૈમિન આચાર્ય, મદદનીશ પ્રાધ્યાપક | ગુજરાત આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, અમદાવાદ | મેમ્બર, ટેકનિકલ ટીમ, GCAS |
| ૪ | ડૉ. તેજસ જાની, મદદનીશ પ્રાધ્યાપક | ગુજરાત આર્ટસ એન્ડ સાયન્સ કોલેજ, અમદાવાદ | મેમ્બર, ટેકનિકલ ટીમ, GCAS |

ઉપરોક્ત તમામ અધિકારીશ્રીઓએ તાત્કાલિક અસરથી GCAS સેલ ખાતે ફરજ પર હાજર થઈ કામગીરી કરવાની રહેશે. ડૉ. હસમુખ પટેલ, આચાર્યશ્રીને મેમ્બર સેક્રેટરી તરીકે GCAS સેલની તમામ નાણાકીય અને વહીવટી સત્તાઓ સોંપવામાં આવે છે. ડૉ. જૈમિન આચાર્ય અને ડૉ. તેજસ જાનીને મૂળ સંસ્થામાં વેકેશન પૂર્ણ થયા બાદ, કામગીરીના ભારણને ધ્યાને લઈ ભવિષ્યમાં કામગીરીમાંથી મુક્ત કરવાની સત્તા મેમ્બર સેક્રેટરીશ્રી, GCAS સેલને સુપરત કરવામાં આવે છે.

(માન. કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણની તા.૨૯/૦૪/૨૦૨૬ના રોજ ઈ-સરકારની નોંધ પર મળેલ મંજૂરી અનુસાર)

સંયુક્ત નિયામક
ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરી
ગુ. રા., ગાંધીનગર

પ્રતિ,

- સંબંધિત આચાર્યશ્રીઓ તથા પ્રાધ્યાપકશ્રીઓ, જાણ તથા કાર્યવાહી સારુ.

નકલ સવિનય રવાના જાણ સારૂં,

- અધિક મુખ્ય સચિવશ્રી (ઉચ્ચ અને ટેક્નીકલ શિક્ષણ), શિક્ષણ વિભાગ, બ્લોક નં-૫/૮મો માળ, સચિવાલય, ગાંધીનગર.
- આચાર્યશ્રી, સંબંધિત કોલેજ (ઉપર મુજબ)
- GCAS કચેરી, કેસીજી કેમ્પસ, અમદાવાદ
- હુકમ ફાઈલે.